આગામી પાંચ દિવસ વરસાદનો જોરદાર રાઉન્ડ શરૂ

હવામાન વિભાગની રાજ્યમાં વરસાદને લઈને આગાહી : બુધવારે અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની સંભાવના

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં બુધવારથી ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આઈએમડીદ્વારા ૧૭ જુલાઈથી ૨૧ જુલાઈ સુધી ૫ દિવસ ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૩૦-૪૦ કિમીની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

અમદાવાદ શહેર અને ગુજરાતના અન્ય ભાગોમાં બુધવારથી ભારે વરસાદ થવાની સંભાવના છે, રવિવારે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રવિવારે શહેરમાં મહત્તમ તાપમાન ૩૫સેલ્સિયસનોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૭સેલ્સિયસવધારે હતું.

આગાહી મુજબ મંગળવારે ભરૂચ, સુરત, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ બાદ બુધવારે નર્મદા, તાપી, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વ્યાપક વરસાદ પડશે. નોંધનીય છે કે, રવિવારે દાહોદમાં સાંજના ૬ વાગ્યા સુધી ૩૬ મીમી અને ધોલેરા અને ગરબાડામાં ૩૧ મીમી વરસાદ નોંધાયો હતો.

૧૮ જુલાઈઃ નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની સંભાવના છે. જ્યારે ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

૧૯ જુલાઈઃ નવસારી, વલસાડ, ભરૂચ, સુરત, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી છે.

૨૦ જુલાઈઃ નર્મદા, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ, જ્યારે ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથમાં ભારે વરસાડ પડી શકે છે.

૨૧ જુલાઈઃ સુરત, નવસારી, જામનગર, પોરબંદર, દ્વારકામાં ભારેથી અતિભારે જ્યારે અમદાવાદ, આણંદ, ભરૂચ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ છે. દરમિયાન સુરતમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા અને ટ્રાફિક જામ થયો હતો. સારોલીના ટેક્સટાઈલ હબને ખાસ કરીને ભારે ફટકો પડ્યો હતો, જેમાં કાપડ વહન કરતી ટ્રકો ટ્રાફિક જામમાં ફસાઈ હતી. પાણી ભરાવાને કારણે શહેરની વાહનવ્યવહાર વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે લોકોને ફરવું મુશ્કેલ બન્યું હતું. ટેક્સટાઈલ ઉદ્યોગ અને તેમની આજીવિકા પર અસર થવાના ડરથી, પાણીનો ભરાવો વધુ ખરાબ થતાં સ્થાનિકો ડરી ગયા હતા.

શ્રાવણમાં ભક્તો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટે શરૂ કરી "૨૧/- બિલ્વપૂજા સેવા"

અગાઉ મહાશિવરાત્રી પર વિક્રમજનક ૧.૪૦ લાખ પૂજા નોંધાયા બાદ ટ્રસ્ટની ૨૧/- બિલ્વપુજા શ્રાવણના ૬૦ દિવસ ફરી પ્રારંભ કરવામાં આવી

અધિક શ્રાવણ અને શ્રાવણ માસમાં શ્રી સોમનાથ મહાદેવને લાખો બિલ્વપત્ર અર્પણ કરવામાં આવનાર છે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહ્યુ છે. "૨૧/- બિલ્વ પૂજા સેવા".

અગાઉશ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગત મહાશિવરાત્રીના પાવન પર્વ પર ભક્તો માટે આ વિશેષ "૨૧/- બિલ્વપુજા સેવા" શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૨૧ રૂપિયાની ન્યોછાવર રાશિ સાથે ભક્ત તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો. ૧.૪૦ લાખ થી વધુ ભક્તોએ આ પૂજા નોંધાવી હતી અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે રુદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર પોસ્ટ મારફત ભક્તોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા.

શાસ્ત્રોમાં શિવજીને બિલ્વપત્ર અર્પણ કરવાનો મહિમા જણાવતા કેહવાયુ છે શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોના પાપો નાશ પામે છે. ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને ૨૧/- ની ન્યોછાવર રાશિથી બીલીપત્ર પૂજનના પુણ્યઅર્જનની સાથે-સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલા એડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે.

અમરનાથ યાત્રામાં વડોદરાના ગણેશનું ઢળી પડ્યા બાદ મોત

યુવકના મૃતદેહને પાછો લાવવા કાર્યવાહી કરવામાં આવી રહી છે

વડોદરા, તા.૧૭

અમરનાથ યાત્રા શરુ થઈ ગઈ છે અને દેશના અલગ અલગ રાજ્યોમાંથી શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે પહોંચ્યા છે. ખાસ કરીને ગુજરાતીઓ પણ અમરનાથ યાત્રાએ જતા હોય છે. આ દરમિયાન અકસ્માતની કેટલીક ઘટનાઓ બનતી હોય છે. ત્યારે અમરનાથ યાત્રાએ ગયેલાં વડોદરાના યુવકનું મોત થયું હતું. આ જુવાનજોધ યુવકનું મોત થતા પરિવારમાં પણ ભારે શોક છવાયો છે. યુવક તેના મિત્રો સાથે અમરનાથ યાત્રાએ ગયો હતો. આ દરમિયાન પહેલગામમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા દરમિયાન તે અચાનક ઢળી પડ્યો હતો. ત્યારે એવુ અનુમાન સેવવામાં આવી રહ્યું છે કે, હાર્ટ અટેકના કારણે યુવકનું મોત થયું છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલ આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને યુવકના મૃતદેહને વડોદરા પાછો લાવવા કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમરનાથ બાબાની યાત્રા શરુ થઈ ગઈ છે. મોટી સંખ્યામાં ગુજરાતીઓ પણ આ યાત્રામાં પહોંચ્યા છે. ત્યારે અમરનાથ યાત્રા દરમિયાન કેટલાંક અકસ્માત, ઘટનાના કારણે શ્રદ્ધાળુઓના મોત થતા હોવાની ઘટનાઓ પણ બનતી હોય છે. ત્યારે વધુ એક આવી ઘટના બની છે કે જેમાં યુવકે પોતાનો જીવ ગુમાવ્યો હતો. વડોદરાના ફતેપુરા વિસ્તારમાં રહેતો યુવક તેના મિત્રો સાથે અમરનાથ યાત્રાએ ગયો હતો. ૩૩ વર્ષીય ગણેશ કદમ નામનો યુવક ૧૦ મિત્રોના ગ્રુપ સાથે અમરનાથ યાત્રાએ ગયો હતો. આ યાત્રા શરુ કરતા પહેલાં રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. જેથી સાંજે તેઓ પહેલગામમાં રજિસ્ટ્રેશન માટે ઊભા હતા. એ સમયે ગણેશ કદમ અચાનક જ ઢળી પડ્યો હતો. આ દરમિયાન તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ કમનસીબે ગણેશનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં જ પરિવારમાં પણ હડકંપ મચી ગયો હતો. નાની ઉંમરે હાર્ટ અટેક આવ્યો હોવાનું હાલ અનુમાન સેવવામાં આવી રહ્યું છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ સ્પષ્ટ કારણ જાણવા મળશે. મહત્વનું છે કે, ગણેશને બે ટ્વિન્સ બાળકો છે. જેમણે માથા પરથી પિતાનો હાથ ગુમાવ્યો છે. અમરનાથ યાત્રાએ ગયાના બે દિવસમાં જ આ ઘટના બની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જો કે, આ પહેલી ઘટના નથી કે કોઈ ગુજરાતની અમરનાથ યાત્રામાં મોત થયું હોય. સૂત્રોનું માનીએ તો યુવકને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને બે વખત હાર્ટ અટેક આવ્યો હતો પરંતુ તે બચી ગયો હતો. ત્રીજો હાર્ટ અટેક તેના માટે જીવલેણ સાબિત થયો હતો. મહત્વનું છે કે, છેલ્લાં એક અઠવાડિયામાં વિવિધ ઘટનામાં ત્રણ ગુજરાતીઓનાં મોત થયા છે. આ યાત્રા પહેલી જુલાઈના રોજથી શરુ થઈ હતી. ત્યારે ૧૫ લાખથી પણ વધુ ભક્તોએ અમરનાથ યાત્રા કરી ગુફામાં બાબા બરફાનીના દર્શન કર્યા છે.

રાજકોટમાં આઈટીના જ્વેલર્સ દુકાનો પર દરોડા

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં આવકવેરા વિભાગના જ્વેલર્સને ત્યાં સરવેને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. ના સરવેમાં ૧૩૦૦ કરોડ રૂપિયાના બિનહિસાબી વ્યવહારો મળી આવ્યા છે પાપ વિગતો મુજબ ૧૨ કરોડની જ્વેલરી અને રોકડ મળી આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છ દિવસ સુધી ૩૨ જેટલા સ્થળોએ તપાસ ચાલી રહી હતી અને અનેક મિલકત સબંધી ફાઈલો પણ મળી આવી છે તેને લઈને તપાસ હાથ ધરાઈ હતી વિભાગ દ્વારા પાંચ વર્ષમાં સૌથી મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. અમદાવાદ ખાતે ઉચ્ચ અધિકારીઓને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે.રાજકોટમાં જવેલર્સ અને બિલ્ડર ગ્રુપમાં આવકવેરા વિભાગની તવાઈ ચાલી રહી છે.

જેમાં શિલ્પા, રાધિકા અને જે.પી જવેલર્સમા આઈટી વિભાગે ઓપરેશન હાથ ધર્યું હતું. આ મેગા ઓપરેશનમાં મોટા પ્રમાણમાં બેનામી મિલકત મળી આવી છે. ૩ જવેલર્સ મળી અંદાજીત ૮૫૦ કરોડના બેનામી મિલકત મળી આવી છે તેવી વિગતો ધ્યાને આવી છે.

૨૪ કલાકમાં ૧૧૬ તાલુકામાં વરસાદ

વડોદરામાં ડભોઈમાં સૌથી વધુ ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો : ૧૯ જુલાઈએ નર્મદા, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગરહવેલી, અમરેલી, ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે

અમદાવાદ, તા.૧૭

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જ્યારે ૨૫ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. વડોદરામાં ડભોઈમાં સૌથી વધુ ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. લિમખેડા, દાહોદ, સંખેડામાં પણ ૨.૫ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ધોલેરા અને જાંબુઘોડામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો છે. બીજી બાજુ, ગુજરાતમાં વરસાદના ત્રીજા રાઉન્ડનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આવતીકાલથી ગુજરાતમાં ધોધમાર રાઉન્ડ શરૂ થશે. ચાર દિવસ વરસાદ ગુજરાતને તરબોળ કરી શકે છે. આજથી ચાર દિવસ અતિભારેથી ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના ભાગો માટે આગાહી છે. આવતીકાલે દક્ષિણ ગુજરાતના બે જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી, જેમાં નવસારી, વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. ભરૂચ, સુરત, દમણ, દાદરાનગરહવેલી, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદ થઈ શકે છે. ૧૯ જુલાઈએ નર્મદા, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગરહવેલી, અમરેલી, ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથમાં ભારે વરસાદ થઈ શકે છે.

૨૦ જુલાઈએ સુરત, નવસારી, જામનગર, પોરબંદર, દ્વારકામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

રાજકોટની સ્કૂલનાં વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ, તા.૧૭

રાજકોટમાં આવેલ લાલ બહાદુર શાસ્ત્રી સ્કૂલમાં ધો. ૧૨ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ચાલુ કલાસે ઢળી પડતા શિક્ષકોમાં દોડધામ મચી જવા પામી હતી. જે બાદ શિક્ષકો દ્વારા વિદ્યાર્થી મુદીત અક્ષયભાઈ નળિયાપરા (ઉવ.૧૭) ને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પર હાજર તબીબે મુદીતને તપાસ્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારે હાલ તો વિદ્યાર્થીનું મોત હાર્ટ એટેકનાં કારણે થયું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે દિકરાનાં મોતનાં સમાચાર સાંભળતા જ પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મુદિત ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો હતો. ત્યારે આજે સ્કૂલમાં એકમ કસોટી હતી. મુદિતને એક બે દિવસથી માત્ર શરદી ખાંસીની તકલીફ હતી. પાંચ પિરિયડ પૂર્ણ થયા બાદ રિસેસમાં તે પરીક્ષા આપવા કલાસમાં બેઠો હતો તે સમય દરમ્યાન અચાનક જ તે ઢળી પડ્યો હતો. જે બાદ સ્કૂલનાં કલાસ ટીચર દ્વારા મુદિતને ઝૅઈ જેવી બેઝિક ટ્રીટમેન્ટ પણ આપવામાં આવી હતી. ત્યારે ૧૦૮ આવતા તુરંત જ મુદિતને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડમાં ફરજ બજાવતા મુદિતનાં પિતા અક્ષયભાઈએ જણાવ્યું હતું કે ક્યાં ખબર હતી કે તે જ્યાં ફરજ બજાવે છે ત્યાં જ એમનાં દીકરાનો મૃતદેહ આવશે. તેમજ મુદિતનાં પિતાએ વધુમાં જણાવ્યું હતું કે, મુદિતને કોઈ તકલીફ ન હતી. તેને માત્ર શરદીની એલર્જી હતી. પણ ભગવાનની આગળ આપણું શું ચાલે?

દિવાસાના દિવસથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ ચુક્યો છે.. ભક્તો પોતાની યથાશક્તિ પ્રમાણે માતાજીની મૂર્તિની સ્થાપના કરીને ભક્તિ કરી રહયા છે.. અમદાવાદના પેડલ રીક્ષાચાલક એક ભક્તે દશામાની મૂર્તિનું પેડલ રીક્ષામાં સ્થાપન કર્યું છે.

ચાર રસ્તા કોસ કરતા પહેલા ચેતજો નહીંતર આવશે મેમો

અમદાવાદ, તા.૧૭

શહેરમાં ચાર રસ્તા જંક્શન પર હવે વચ્ચે ઉભા રહી શકાશે નહી. રાજ્યમાં સૌ પ્રથમ વખત અમદાવાદના પાંજરાપોળ ચાર રસ્તા પર બોક્સ માર્કિંગ તૈયાર કરાયું છે. ચાર રસ્તા પર ટ્રાફિકજામ અટકાવવાનો હેતુથી પોલીસ વિભાગ અને એએમસી સંયુક્ત ક્રમે બોક્સ માર્કિંગ તૈયાર કરાયું છે. આગામી સમયમાં શહેરમાં આવા ૨૫ જંક્શન પર પણ બોક્સ માર્કિંગ થશે. ચાર રસ્તા જંક્શન પર પીળા પટાની ડિઝાઈન દોરેલા વિસ્તારમાં કોઈપણ વાહન ઉભુ રાખવા પર પ્રતિબંધ રહેશે. અમદાવાદ શહેરમાં એએમસી સૌથી વધુ ટ્રાફિક ધરાવતા શહેરના ૨૫ ચાર રસ્તા પર આવા બોક્સ માર્કિંગ બનાવાનું આયોજન કરાયું છે. આ બોક્સ માર્કિંગ ચાર રસ્તા પર ટ્રાફિક જામને અટકાવે છે. જંક્શનના ચારેય રસ્તા આવરી લેવાય છે. શહેરના પાંજરાપોળ ચાર રસ્તા પર આ બોક્સ માર્કિંગ બનાવવામાં આવ્યું છે. આરટીઓ સર્કલ,ઉસ્માનપુરા, નહેરુનગર, પાલડી ચાર રસ્તા, ઘેવર સર્કલ, રક્ષા શક્તિ સર્કલ, નમસ્તે સર્કલ, એરપોર્ટ સર્કલ, ગોલ્ડન કતાર સામે, મેમ્કો, રામેશ્વર, શાહેઆલમ, દાણીલીમડા, આવકાર હોલ, હિરભાઈ ટાવર, એનએફડી, પ્રહલાદનગર, મકરબા, મેરી ગોલ્ડ ૩ રસ્તા, અનુપમ, નિકોલ, ખોડિયાર મંદિર, વિરાટનગર. ટ્રાફિક સમસ્યા છુટકારો મેળવવા માટે સલામત અને શિસ્તબદ્ધ ટ્રાફિક સંચાલન માટે પશ્ચિમ અનેક દેશમાં આ માર્કિંગ હોય છે. આ બોક્સ માર્કિંગ તે જ જંક્શન પર બનાવવાનું આયોજન છે જ્યાં સૌથી વધુ ટ્રાફિકજામ થવાની સંભાવના છે અથવા હાલ આ ચાર રસ્તા જંક્શન પર ટ્રાફિક થઈ રહ્યુ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો બે ટ્રાફિક જંક્શન ખુબ નજીક હોય અને રેડ સિગ્નલ પર થોભેલા વાહનોની લાઈન આગળના જંક્શન સુધી લંબાયેલી હોય તો આ સંજોગોમાં બોક્સ માર્કિંગ સુચવે છે. કોઈપણ વાહન માર્ક કરેલા વિસ્તારમાં પ્રવેશી શકશે નહીં કે થોડીક ક્ષણો માટે પણ ઉભુ રહી શકશે નહી. રોડ પર આ પ્રકારના માર્કિંગ સલામત અને શિસ્તબદ્ધ ટ્રાફિક માટે હોય છે.

બાકી કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ઉંચાણવાળા વિસ્તારમાં પમ્પીંગ સ્ટેશનની સાથે લાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ઈન્દ્રોડામાં પણ ઘણાં વિસ્તારમાં કેટલાક ઘરોમાં ગટર લાઈનના અભાવે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે બાકી રહેતા વિસ્તારમાં પણ ગટર લાઈનની સુવિધા મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવશે. આ કાર્યયોજના પુર્ણ થતા ગ્રામજનોની દાયકા જુની સમસ્યાનો અંત આવશે ઈન્દ્રોડા તેમજ બોરીજમાં ગટર લાઈનના અભાવે સ્થાનિકો ખાળકુવાના સહારે છે. આ ઉપરાંત ગંદુ પાણી પણ નદીપટમાં વહેતુ કરવામાં આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં સ્વચ્છતા અને પ્રદુષણની દ્રષ્ટીએ પણ ગટર લાઈનનુ ઝડપથી કામ પુર્ણ થાય તેવો સુર ઉઠવા પામ્યો હતો આખરે આયોજન કરી દેવાતા સ્થાનિક ગ્રામજનોમાં પણ રાહતની લાગણી વ્યાપી છે.

સફળ પરિક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. શહેરમાં આ પ્રોજેકટ અન્વયે સે-૨૮ અને સે-૨૯ માં ૭૦૦ ઉપરાંત ઘરોમાં પાણીનો વપરાશ સંદર્ભે નોંધ રાખવા મીટર લગાડવાનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આ વિસ્તારમાં સ્થિત ફલેટ વસાહતને ધ્યાનમાં રાખી મોટાડાયામીટરને ધ્યાનમાં રાખી મીટર મુકાશે. જયારે આ એપાર્ટમેન્ટમાં સંપમાં પાણીનુ જોડાણ અપાશે જેના આધારે સોસાયટીમાં પાણી સપ્લાય થશે. સે- ૨૯ માં પાણીની લાઈનના કામ બાદ પાણી પુરવઠા વિભાગ કક્ષાએથી ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની આ યોજનાનુ સફળ પરિક્ષણ પણ કરવામાં આવ્યુ હતુ જયારે એક પંપનાા આધારે થયેલા આ ટેસ્ટીંગ મુજબ ૩૫૦ જેટલા ઘરોમાં પાણી પહોંચતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. હજુ લાઈનમાં માટી અને કચરો હોવાના લીધે પ્રાયોગિક કક્ષાએ પાણીને પુરતા પ્રેશરથી છોડવામાં આવ્યુ ન હતુ જયારે હજુ બીજા તબક્કામાં સે- ૨૮ માં પણ આ જ પધ્ધિતથી ચકાસણી કરવામાં આવશે

તેજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉછાળા સાથે સેન્સેક્સ બંધ રહ્યો હતો. બે કારોબારી સત્રમાં સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો વધારો થયો છે.

બેંકિંગ સ્ટોક્સમાં ખરીદીના કારણે સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે ફરી એક વખત ભારતીય શેરબજાર રેકોર્ડ ઊંચાઈ પર બંધ થયું છે.

બેંકિંગ શેર્સમાં ખરીદીના કારણે આજે બેંક નિફ્ટીમાં આશરે ૭૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો. આજે ૨૦૧૩ શેર વધ્યા, ૧૫૫૯ શેર ઘટ્યા અને ૧૭૪ શેરમાં કોઈ બદલાવ ન થયો. સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૧૮માં તેજી અને ૧૨માં ઘટાડો જોવા મળ્યો. જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૩૧ શેર વધારા અને ૧૯ શેર ઘટાડા સાથે બંધ થયા.

આજના કારોબારની શરૂઆત જોરદાર ઉછાળા સાથે થઈ હતી અને એનએસઈનિફ્ટી ૪૭.૬૫ પોઈન્ટ્સ વધારા સાથે ૧૯,૬૧૨.૧૫ ના રેકોર્ડ હાઈ પર ખુલ્યો હતો. બીએસઈનો સેન્સેક્સ પણ ૮૭.૨૮ પોઈન્ટ એટલે કે ૦.૧૩ ટકાના વધારા સાથે ૬૬,૧૪૮.૧૮ પર ખુલ્યો હતો.

અપાવી શકશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી, જેમાં વટહુકમને 'કાર્યકારી આદેશનો ગેરબંધારણીય અભ્યાસ' કહ્યો હતો. દલીલ કરાઈ હતી કે, આ બંધારણના મૂળભૂત માળખાને 'ઓવરરાઈડ' કરવાનો પ્રયાસ છે. દિલ્હી સરકારે વટહુકમ પર વચગાળાના સ્ટેની માંગણી કરી હતી. દરમિયાન આ વટહુકમને કાયદા હેઠળ લાવવા સંસદમાં મંજૂર કરાવવાનો છે, ત્યારે આ વટહુકમને વિધેયક રૂપે સંસદના ચોમાસા સત્રમાં રજુ કરવામાં આવે તેવી સંભાવના છે.

એટીએસ દ્વારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મામલે કોઈની મદદ વગર સીમા હૈદરની દુબઈ થઈને નેપાળ આવવા પર સરળતાથી બહારથી પ્રવેશ કરવાની થિયોરી ગળે નથી ઉતરી રહી. તપાસ એજન્સીએ તેન જૂના મોબાઈ નંબર વિશે જાણવા માટે પણ તપાસ હાથ ધરી છે. સૂત્રોનો દાવો છે કે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી પાકિસ્તાનમાં પોતાના સંપર્કો દ્વારા સીમા હૈદરના સંપૂર્ણ પ્રોફાઈલ વિશે તપાસ કરી છે. તેના ઘર અને પરિવાર વિશે પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. કેન્દ્રીય એજન્સીઓની તપાસ શરૂ કર્યા બાદ નોઈડા પોલીસે સીમા યાદવના જામીન રદ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પોલીસને આશંકા છે કે સીમાએ પુરાવાઓને પ્રભાવિત કરી શકે છે અથવા ફરાર થઈ શકે છે. કાનૂની સલાહ લીધા બાદ પોલીસે જામીન નામંજૂર કરાવવા માટે કોર્ટમાં અરજી કરવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. આવી સ્થિતિમાં જો સીમા પર કાયદાકીય સકંજો કસવામાં આવશે તો સચિનની મુશ્કેલી વધી શકે છે.

નયી દિશા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવરી લેશે, જેમાં ૧૭ રાજ્યોના ૧૦૦૦ જેટલા પાર્ટિસિપન્ટ્સને આવરી લેવામાં આવશે. અનોખા સામાજિક સંરક્ષણ કાર્યક્રમના આગામી તબક્કાઓનું ઉદ્ઘાટન કરતાં ઈન્ડિયનઓઈલના ચેરમેનેજણાવ્યું હતું કે, " કારોબારથી વિશેષ એવી આ કામગીરી કરીને અમે અત્યંત ગર્વની લાગણી અનુભવીએ છીએ. શારીરિક અને માનસિક સુખાકારીથી પણ વિશેષ, આ પહેલ રમતગમત દ્વારા જેલના કેદીઓ અને કિશોરોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું લક્ષ્ય ધરાવે છે.

રમતગમત, શિસ્ત, ટીમ વર્ક અને ખંત સ્થાપિત કરવામાં અને એક લક્ષ્ય આપવામાં સફળ રહ્યું છે. વાસ્તવમાં, વિશ્વમાં અનેક ઠેકાણે અમારા આ પ્રયાસોને બિરદાવવામાં આવ્યા છે જે તેને નક્કર પરિણામ આપવાની અમારી પ્રતિબદ્ધતાનેમજબૂત બનાવે છે."કિશોર ગૃહોમાં રહેતા યુવાન કેદીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલી 'નયી દિશા' વિશે વિસ્તૃત વર્ણન કરતાં વૈદ્યએ જણાવ્યું હતું કે, કિશોરાવસ્થાના શરૂઆતના રચનાત્મક વર્ષો અત્યંત મહત્વપૂર્ણ હોવાની બાબત અમે સમજીએ છીએ અને તેથી જ યુવાનોને સકારાત્મક વિકાસના માર્ગ તરફ દોરવામાં મદદ કરવા માટે આ પહેલ હાથ ધરી છે. તેમને વિવિધ રમતોનું પ્રશિક્ષણ આપીને, અમે તેમની ઊર્જાને રચનાત્મક દિશામાં વાળવાની તથા તેમનામાંશિસ્ત, સ્થિતિસ્થાપકતા અને આત્મવિશ્વાસ પેદા કરવાની આશા રાખીએ છીએ.

ક્વાયત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીએ જણાવ્યું હતું કે, ''જેપીસીના અહેવાલમાં પહેલાથી જ ૪૨ કાયદાઓમાં ૩૫,૦૦૦ થી વધુ કાયદાઓમાં પાલનના ભારણને ઘટાડવા અને નાણાકીય દંડ સાથે ૩,૪૦૦ કાયદાકીય જોગવાઈઓને અપરાધિક બનાવવાની દરખાસ્ત કરવામાં

આવી છે. તેમાંથી, લગભગ ૩૦ કાયદાનો સીધો જ ઉદ્યોગ અને વેપાર સાથે સંબંધ છે. પછી તે ઈન્ડસ્ટ્રીઝ એક્ટ હોય કે ટ્રેડમાર્ક એક્ટ અને તે પણ ફૂડ સેફ્ટી એક્ટ હોય કે આઈટીએક્ટ, યોગ્ય દંડ સાથે ફોલોઅપ કરવાની જોગવાઈ હોવી જોઈએ, જે જાહેર ટ્રસ્ટ બિલ પ્રસ્તાવિત છે. ''

કેન્દ્ર ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ, ૨૦૨૩ લાવવાની પણ યોજના ધરાવે છે, જેના પર ૨૦૧૯ થી સંસદમાં ઘણી વખત ચર્ચા થઈ છે. આ બિલ દેશમાં વ્યક્તિગત ડેટા સંગ્રહિત અને પ્રક્રિયા કરવાની રીતને અસર કરશે, શું એપ્લિકેશન્સ બ્લેકેટ પરવાનગી માટે પૂછે છે, અને વધુ શું છે – ડેટા ભંગના કિસ્સામાં કંપનીઓ પર દંડ લાદવામાં આવે છે.

એ જ રીતે, કેન્દ્ર નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન બિલ રજૂ કરવાની પણ યોજના ધરાવે છે, જે વિવિધ ક્ષેત્રોમાં સંશોધન પર દેશના ખર્ચમાં વધારો કરવા અને મુખ્ય પ્રવાહના સંશોધનમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સુધારવા માંગે છે. કેન્દ્રએ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં સંશોધનને સુવ્યવસ્થિત કરવા માટે સંકલન કરતી એજન્સીની પરિકલ્પના હેઠળ પાંચ વર્ષ માટે ભંડોળ તરીકે આશરે રૂ. ૫૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે.

જૈવિક વિવિધતા (સુધારા) બિલ, ૨૦૨૧ પણ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. સંસદની સંયુક્ત સમિતિએ પ્રસ્તાવિત સુધારાઓ પર પોતાનો અહેવાલ રજૂ કર્યા પછી તૈયાર કરાયેલા આ બિલનો ઉદ્દેશ્ય જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ હેઠળ પાલનની જવાબદારીઓ અંગે પરંપરાગત ભારતીય ડૉક્ટરો, બીજ ઉદ્યોગ અને સંશોધન સંસ્થાઓની ચિંતાઓને દૂર કરવાનો છે.